## નિકોલ પોલીસ સ્ટેશન.અમદાવાદ શહેર.

### પ્રેસનોટ

# લુંટ વિથ અપહરણ કરનાર ચાર ઇસમોને ઝડપી પાડતી નિકોલ પોલીસ તા:૩૦/૦૮/૧૯

મે.અધિક પોલીસ કમિશ્નરશ્રી સેક્ટર-૨ સા તથા મે.નાયબ પોલીસ કમિશ્નરશ્રી ઝોન-૫ સા તથા મે.મદદનિશ પોલીસ કમિશ્નરશ્રી "આઈ" ડીવીજન અમદાવાદ શહેરનાઓએ મિલકત સબંધી ગુન્હાઓ શોધવા તેમજ અટકાવવા સારૂ તેમજ અનડિટેક્ટ ગુન્હાઓ શોધી કાઢવા સારૂ સુચના આપેલ જે અનુંસધાને પોલીસ ઇન્સપેક્ટર શ્રી એચ.બી.ઝાલાનાઓની સુચના અને માર્ગદર્શન હેઠળ નિકોલ પોલીસ સ્ટેશન ફસ્ટ ગુન્હા રજી.નંબર:-૧૨૫/૨૦૧૯ ઈપીકો કલમ ૩૬૫, ૩૯૪, ૩૨૩, ૩૪, ૫૦૬(૨), ૫૦૪, ૨૯૪(ખ),૧૧૪ વિગેરે મુજબના કામે ફરિયાદી શ્રી જીગરભાઈ S/o પ્રવિણભાઈ ઘનજીભાઈ ગોહિલ ઉવ.૩૩ રહેવાસી: બ્લોક નં-પી, મકાન નંબર-૪, પારાન્તિ આવાસ યોજનાના મકાન, વસાણી પાર્ટી પ્લોટ ની પાછળ, એસ.પી.રીંગ રોડ, નિકોલ, અમદાવાદ શહેરનાઓની ફરિયાદના કામે બે ઓટો રીક્ષામાં આવેલ અજાણ્યા ચાર ઈસમો જેઓના નામ ઠામ જાણવા મળેલ નથી તે આરોપીઓ વિરૂધ્ધમાં ફરિ.શ્રીએ ગઈ તા.૧૪/૦૭/૨૦૧૯ ના રોજ બનેલ બનાવ અનુસંઘાને ફરિયાદ દાખલ થયેલ જે ગુન્હાના કામે આરોપીઓને શોધી કાઢવા સારૂ સર્વેલન્સ સ્કોડના પો.સ.ઇ.શ્રી એચ.વી.છાસટીયાનાઓએ સ્ટાફના માણસો તથા અંગત બાતમીદારો દ્વારા જીણવટ ભરી રીતે ખંત પુર્વક તપાસ કરી સદરહુ ગુન્હાના કામે સંડોવાયેલ આરોપીઓ (૧) વિજય ઉર્ફે જીગ્ગો S/o દિનેશભાઈ કાનજીભાઈ ઠાકોર ઉવ.૨૯ રહેવાસી: મકાન નં-૧૦૫૮, લાલજીવાસ, નિલકંઠ રેસીડન્સની સામે, મેલડીમાતાના મંદિરની બાજુમાં, કઠવાડા, તાલુકો: દસ્કોઈ જીલ્લો:અમદાવાદ ગ્રામ્ય (૨) કલ્પેશ ઉર્ફે રાજુ કાતર S/o રમેશ ભાઈ લલ્લુભાઈ બારોટ ઉવ.૨૯ રહેવાસી: આઝાદ ચોક, ખારીકુઈ પાસે, ગામ: કઠવાડા, તાલુકો: દસ્કોઈ જીલ્લો: અમદાવાદ ગ્રામ્ય. (૩) ઉપેન્દ્ર S/o ગીરીશચંન્દ્ર મણીલાલ ત્રિવેદી ઉવ.૪૩ રહેવાસી: બ્રહ્મ પોળ, અંબાજીમાતાના મંદિરની બાજુમાં ગામ:કઠવાડા, તાલુકો: દસ્કોઈ જીલ્લો: અમદાવાદ ગ્રામ્ય. (૪) સદ્દામ S/o ફકીરમહંમદ જમાલભાઈ મન્સુરી ઉવ.૨૭ રહેવાસી: મ.નં.૯૯૭, મલેકવાસ, મદની મસ્જીદ સામે, એરેટેલ ટાવર પાસે, ગામ:કઠવાડા, તાલુકો: દસ્કોઈ જીલ્લો: અમદાવાદ ગ્રામ્યનાઓ બાબતે હકિકત મેળવી સદરહુ ગુન્હાના કામે સંડોવાયેલ ઉપરોક્ત આરોપીઓને ગઈ તા.૨૭/૦૮/૨૦૧૯ ના રોજ પકડી અટક કરી પ્રશનીય કામગીરી કરેલ છે.